

આજકાલનો સુધારો

—:યાને:—

ચાલુ જમાનો

—:રચી પ્રસિદ્ધ કરનાર:—

માસ્તર ગોરધનલાલ એચ. શાહ. અમદાવાદી,

ભાગાતળાવ રોડ–સુરત.

સુરત ચઉટાના પુલપર ટાંકી પાસે આવેલા શંકર પ્રીન્ટીંગ પ્રેસમાં
નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપ્યાં.

આવૃત્તિ ૧લી. પ્રત ૨૦૦૦.

સંવત ૧૯૭૧ સને ૧૯૧૫

આજ કાલનો સુધારો.

યાને

—ચાલુ જમાનો.

(રાગ ખ્યાલ.)

જુઓ સુધારાની રીત, બાઈઓ વિચારીને ચીત.
કોટ બુટને પાટલુન પહેરે, કરમાં રાખે સોટી....
ખુરશી ઉપર ખાવા માગે, લુગડાં સોતાં રોટી.—જુઓ.
માંસ મદીરા માટી ખાતાં, દોષ ગણે નહિ જરીએ
કરથી ખાવું બંધ કરીને ખાય છે કાંટા છરીએ—જુઓ.
ધોતલીઓની ધાડ પડીને, અંગરખે થઇ અગ્રી
મોળીઆંની તો માંકણુ માંડી, લાગી ટોપી લગ્રી—જુઓ.
નવીન ફેશનના રૂમાલ રાખે, રાખે પગમાં મોજાં
છોને ઘરમાં ઘંટા વાગે..., છોકરાં મરેરે રોતાં—જુઓ.
... નાંચે ને સુણે
ડોકા ધુણે.—જુઓ.

રંક હતા તે રાય બન્યા સૌ, રાયજ રંક દેખાય
ધર્મને નામે ધાડજ આવી..., પાપનો પંથ પળાય.—જુઓ.
જે પ્રેમદા પગે ચાલે તે..., બેસે મોટર માંય
મીસ્તરનો કર ઝાલી બજારે, જાએ છે અહિં તાંય.—જુઓ.
ધર્મ નીતીને નેવલે મુકી, અનીતી ઉરમાં ચ્હાય
ફેશન બાઇનાં ફંદે ફસાણા, રંક ને મોટા રાય.—જુઓ.
ઝેર વેર વધ્યાં વસુધામાં, વ્યસન વધ્યાં વિધવિધ
ગાંજો અફીણને દારૂની બોટલ, હોટલમાં જઇ પીધ.—જુઓ.
જે ઘરમાં ચાંદી સોનાનાં, પાત્રો તણો નહિ પાર
તે ગૃહમાં જઇ જોતાં જણાએ, લોખંડ હારોહાર.—જુઓ.
ચેન પડે ના ચાહ વિના કહું, ચાએ વાળ્યો દાટ
રાયથી માંડી રંક સૌને..., ચાએ કર્યો સનીપાત.—જુઓ.
કથા વારતા કાન ધરે નહિ, શાસ્ત્ર સિદ્ધાંત ન જાણે
રાંડો તણા ગાયન સાંભળવા, બેસે છે જઈ ખુણે.—જુઓ.
સંધ્યાને ગાયત્રી ચૂકયા..., નિમાજ મુકયા પડતા
વૈશ્ય બ્રાહ્મણ શ્રાવકના છોરૂ, ચાલે છે રડવડતા.—જુઓ.
નમસ્કારનું નામ તજીને ..., જુહાર મારે જોડે
જે પ્રભુ કરતાં એરૂ કરડે, સલામ કરતા દોડે.—જુઓ.
ગૌ તુલસીને દેવો કેરી..., પૂંજા મુકી પડતી
હાય બાપજી હિંદુ જનની, થાએ શું કહો ચડતી.—જુઓ
તાડીને તો વ્હાલી સમજે, હોટલ સમજે વીશી
સગાં સ્નેહીઓ ચોં ઝપાવા, જાય ખુણામાં પેશી.—જુઓ.
શીખો
નીચો

ખોડા ઢોરને ખડ નવ દેને, નવ દે દીન ને દાણા
ડાઘા ઢગરા સૌ સુધરેલા, પુરવે મળવા પહાણા.—જુઓ.
રંડી માગે રૂપીઆ તો કે, લે લે મેરી મૈયા.
ફકીર માગે પૈસા તો કે, ચલબે સાલે કયસા.—જુઓ.
ગરીબ ભીખારી સંતજ આવે, પૈસા લેવા ઘોડા
ધડાક દઇને બેઠો થઇને, મારે તેને જોડા.—જુઓ.
ભણી ગણીને સૌજન ઇચ્છે, નિર્લજ નોકરી ઉર
સુરને નુર ગુમાવી બેઠા, બની ગયા અસુર.—જુઓ.
સેંન્ટ લવન્ડર લેમ્પથી મોહ્યા, મોટરથી મશગુલ
બાઈ શીકલને ભાઇ વળ્યા છે, આપી મોં માગ્યા મુલ.—જુઓ.
દાતણને ડીસમીસ કરીને, બ્રશને રાખ્યું ખાસ
અંજન મંજન વ્હાલાં ગણીને, કરે ધન બરબાદ.—જુઓ.
થોડું ભણ્યો પણ કરે ઢોંગ તે, વિદ્વાતાનો આજ
સવાલ પૂછે પંડીત આવી છુપાવે મોં તે આજ.—જુઓ.
કાચ લોખંડ સૌ વ્હાલા ગણીને, ધાતુને મારી ઠેસ
ટેબલ ખુરશીનો ઠાઠ બનાવી, ફેશન બનાવી બેસ.—જુઓ.
દેશી વસ્તુ ડીસમીસ કરીને, વિદેશે મોહ્યું મન
નવીન નવીન ચીજો ખરીદે. કરી બરબાદ સૌ ધન.—જુઓ.
કોલર, નેકટાઇ ગળે લગાવી, અક્કડ બને કહું આપ
બુટ પગે પાટલુન ચઢાવી, બને ગોળાના બાળ.—જુઓ.
સેંટ લવંડર માથામાં નાંખી, બને ઘણા મશગુલ
ગલ્ફે લગાવ્યા, ફેશનમાં રહે ફુલ.—જુઓ.
નીદે ખાસ
આજ—જુઓ.

બીડી બાક્સને ઠેમ ગણીને, ચીરૂટ ખરીદે ખાશ
ઢઢા સુધી ભાઈ ભણ્યા નથી, રોફ બતાવે આજ.—જુઓ.
ઉપરથી બહુ રોફ બતાવે, બઇથી બીએ ભાઈ આજ
ઓર્ડર પ્રમાણે હુકમ ઉઠાવે, ભાઈ બાઇનો આજ.—જુઓ.
આશુક માશુક વાતો કરવા, ખુણે ખાચરે બેશે,
લેણદાર જો આવે સામો, તરત ઘરમાં પેશે—જુઓ.
વ્યભિચારમાં મસ્ત થઈને, કરે ધન બરબાદ,
ગોરી તજી ઘરની ગુણવંતી, કરે ગણીકાથી પ્યાર—જુઓ.
ચીની ચલાણું પ્યાલા રકાબી, ફાનસ ફક્કડ લીધ,
ફુટી જતાં ફુટી બદામ નાવી..., ફોગટ ફેંકી દીધ—જુઓ.
વિવિધ પ્રકારનાં વાજાં લાવે, ગજાવી મૂકે મકાન,
બગડયું કે પછી બારજ વાગ્યા, મલે નહી કંઇ ભાન—જુઓ.
એરંડયું અધવચ રહ્યું ને..., ગંધાતું ચ્યાસલેટ,
બેહદ આવી ભરાયું ધરોબર. પાકયું જ્યાં કહું પેટ—જુઓ.
ચોળી મટીને પોલકાં પેઠાં, પારસી ડ્રેસ પોસાય,
કંથ કલ્યાચરી કાન્તા મજોના, વર વધુ વશ વરતાય—જુઓ.
શીરપર સીખા ગોખ રીવા, નથી રાખતા ઝાઝા,
નવીન ફેશનના બાલ કપાવે, બનવા સાહેબજાદા—જુઓ.
ધૂમાડાના ઢગલા કહાડે, બીડી મોંમાં ઘાલી,
એક બજો કે બીજી કરમાં, તરત લેછે ઝાલી—જુઓ.
ફેશનમાં બેરીને રાખી. લાઈ ચો... ચાલુ,
છૂટે મોંએ ... ... કરશ ખુણામાં પ—જુઓ.
ભોળો બીઃ

દવા દારૂ

પ્યારીનું તો માની સાચું, કરે સ્વામી પસ્તાવ,
કહેને વ્હાલી કહેને પ્યારી, થતું દુઃખ બતલાવ—જુઓ.
સ્વામીને તો અદકો રાખી, કરે કામની ઉચ્ચાર,
પ્યારા મારા વધું દર્દ છે..., ડાકટરને બતલાવ—જુઓ.
છાયલ છીદડી ગયા છુપાઇ, ગવનથી સુલતાન,
ચુડી મટી ચતુરામાં વધ્યું છે, બંગડી બાઇનું માન—જુઓ.
બારીક વસ્ત્રે શરીર સજીને, નારી ઘણી હરખાય,
અંગ તમામ દેખાઇજ આવે, સુજ્ઞ જોઈ શરમાય—જુઓ.
રાંડી તે ઘર માંડી બેઠી, કરી બીજાથી પ્યાર,
ભક્તાણી થઇ દેવ મંદીરે, કરે છે બહુ વ્યભિચાર—જુઓ.
પાન ખાઈ પીચકારી મારે, રાખે મુખડું લાલ,
બારીએ બેશી નારી બોલે, બોલે મુખથી બે તાલ—જુઓ.
ઉમર પ્રાયઃ લલના કદી જો, વૈધવ્યતાને થાય,
સગાં સ્નેહ[illegible] [illegible]ાઝા મૂકી, પુર્નલગ્ન કરવા મન જાય—જુઓ.
બાર વરસની બાળા આજે, બાળકીમાંજ લેખાય,
જે રમી ર[illegible] થતી ઢીંગલીએ, ગર્ભવંતી દેખાય—જુ[illegible].
પાખંડીને [illegible]જે પ્રેમથી..., સાધુ ન પોસાય,
ધર્મીને નામે ધાડજ આવે, પાપી પડે પોબાર—જુઓ.
વ્યભિચાર પ્રપંચ ચોરી જુઠ, અધર્મ અનહદ થાય,
સત્ય જઇ પાતાળે પેઠું..., જામી ગયો જુગાર—જુઓ.
પૈસાવાળો હોય દીવાનો, છતાં સર્વે પૂંજાય,
[illegible] આવે સામો, કરે નહિ સનમાન—જુઓ.
[illegible] પૈસે પુત્રી વેચે, [illegible]
[illegible]ન પણ, જમાઇ ફરી ઝટ લે છે—જુઓ.

વધુ પૈસા લેવાને માટે, પુત્રી લોટરી કહાડે,
નંબર જેનો લાગી જાતાં, જમાઈ તેનો થાએ—જુઓ.
કરજે નાણું લેવા જાતાં, પુત્ર બને છે આપ,
લેણદાર આવે લેવા ત્યાં, બની બેશે છે બાપ—જુઓ.
ચોર હતા તે શાહ થઈ બેશે, શાહ થાએ છે ચોર,
વારજ તેની થાડજ આવે, કરવો કયાં જઈ શોર—જુઓ.
નીચ જાતીનાં ઘણાં મનુષ્યો, સજે સોળ સણગાર,
ફેશનમાં અપ-ટુ-ડેટ બનીને, ઘાલી ફરે ઘડીઆળ—જુઓ
સામે મલે ને નીચજ આવ, કહો કોણ રોકનાર,
ફેશનમાં અંજાઈ ગયા ને, કરે સલામો આપ—જુઓ.
મેળા ખેળામાં જઈ જોતાં, દીલ મારૂં દુખાય,
ઢેડ ભંગી ચમાર સૌ કાડું, ધક્કા મારી જાય—જુઓ.
દેવ વસ્યા ડુંગરમાં જઈને, મક્કે રહ્યા છે પીર,
રામ રાજમાં રહીને જોતાં, દીશે અત્યંતજ ભીડ—જુઓ.
ઠાકોર થઈ મોટા કહેવાયા, દાદ કીધો બહુ દુર,
કન્યા કુળવાનને ન દેતાં, દીએ પૈસા ભરપુર—જુઓ.
દષ્ટિએ નવ દેવ ગમે ને, તિરથ ગમે નવ લેશ,
છેલ છબીલા બાઈ બને ને, સીધાવે સરકલ સેલ—જુઓ.
હા સરદાર સુરા દીશે છે, લઈ પટાકડું હાથ,
કાબર તેતર હોલા હણીને, દુભાવે જગનાથ—જુઓ.
સગાં સબંધી સ્નેહી આવે, આવે નાતજ વાળા
જમતાનો કોઈ ભાવ ન પૂછે આપે = ખુણામાં —જુઓ.
માંદા પડતાં સગાં સબંધી, ..
ધક્કો ફેરો જો ખાવો પડે

પુરૂષમાંથી ઘટયું પુરૂષાતન, જામ્યું ત્રિયાનું રાજ.
આઇ બીલાડી ભાર્જિ ઉંદર, એવું બન્યું છે આજ.—જુઓ.
બેશી ગયાં ડાચા બુઢીઆનાં, મુખપર ચોપડી મેશ
નીત રહ્યા વળગી વ્યભિચારે, શ્વેત થયા સીર કેશ.—જુઓ.
માત પીતા થઈ પાળક પોતે, બાળકને દઇ બોધ
પેટ નીમીતે પાપ કરાવે, કરી કારમો ક્રોધ.—જુઓ.
ભલે લાખનું દેવું થાયે, લે આસમાન મકાન
પાળક બાળકનો થઇ પોતે, દેવામાં ડુબાવે આમ.—જુંઓ.
કોણ કવીનો ભાવ પૂછે છે, નાટક ચેતક ઉર ચ્હાય
થાય ખુશી નાયકા નચાવી, ઘણા મનમાં હરખાય.—જુઓ.
મહા કવિનાં કૃત્ય પુસ્તકો, કરમાં ના પેસાય
નાટકડાની નાની બુકો, અહિં તહિં લઇને જાય.—જુઓ.
નાનપણામાં પાળી પોષી, મોટા કીધા બાળ
ઉમર લાયક થાતાં પોતે, ભાંગે પીતાનાં હાડ.—જુઓ.
માત પીતા જો બુમો પાડે, સાંભળી બહુ હરખાય
લાડીને કરમાં રાખીને, ખુશી ઘણો તે થાય.—જુઓ.
નાટક સીનેમા જાદુ સરકસના ખેલ દીસે વિધવિધ
હાથે કરી પૈસા ખરચીને શાને માગો તમ ભાખ.—જુઓ.
શહેરમાં હોટલ ગામડે હોટલ, હોટલ હોટલ હાય
અઢાર વર્ણ ભેગી થઇ પ્યારા, ચાને બીસકૂટ ખાય.—જુઓ.
પવિત્ર [illegible] ગણી જુદો, પાન પટ્ટી લઇ ખાય
[illegible] તજીને, ઘણા મનમાં હરખાય.—જુઓ.
[illegible] દેખીને, મનમાં બહુ લલચાય
[illegible] આજે, બેશી જઇ ત્યાં ખાય.—જુઓ.

અજ્ઞાન જાણે ના કશું પણ, ગુરૂ બનવા તે ચાય
ખોટા ખોટા ઢોંગ લગાવી, મફતીઓ માલ ખાય.—જુઓ.
બાવે તો બે સ્ત્રી રાખી પણ, ચેલે રાખી ચાર
ખામી તો ખોળતાજ ફરે છે, ચોરી મફતની દાખ.—જુઓ.
નારી ગઈ સ્વધામ સીધાવી, સંપતી પામી નાશ,
બાઇ હવે નવરા થઈ બેઠા, બેઠા લઈ સન્યાસ—જુઓ.
કોઇ જમાત લઈ રખડે છે, રાખી મોટો ઠાઠ,
સિધ સાધક બેસ બનીને, વાળે છે બહુ દાટ -જુઓ.
આચારતો ઉંચો મુકયોને, ઉંચો મુકયો સહુ ધર્મ,
શાસ્ત્ર સિદ્ધાંતનો ભેદ ન જાણે, જાણે નહિ કંઇ કર્મ—જુઓ.
પાખંડી દંભી બની બેઠા, રાખી બહારનો ટંભ,
અટમ સટમ કંઈ સમજાવી, કરે મહંતનો ઢોંગ—જુઓ.
આજ ગુરૂ એવા અવલોકી, શકું સમાવી ન શોક,
પણ ધુતી ધન શિષ્યોનું લેતાં, પાકી મુકાવે પોક—જુઓ.
અંધ ગુરૂને શિષ્યજ બહેરો, એવું બન્યું છે આજ,
તેમ છતાં બની સિધના બેટા, ખાલી કરે પતરાજ—જુઓ.
ખોટાં મોતી કાચ કીડીઆં, ભગવત ભુષણ ઘાલે,
સોનું રૂપું મણી મુક્તા વીણુ, સુત સ્ત્રીને નવ ચાલે—જુઓ.
એકાદશી ઓચ્છવનાં જાગણ, અતિ કઠણ તને લાગે,
ભાંડ ભવૈયા જોવા સારૂ, સારી રાતજ જાગે—જુઓ.
હરીનું ચંદન ઘસતાં તારૂં શ્રમથી શરીર બગડે,
ચડસ ગાંજા લઇ મરી મસાલો, ભાવે ભંગુગાળાં આડે—જુઓ.
બે પૈસાની ગુરૂ સેવા બતાવે, ત્યાં ગ
ઘરની સ્ત્રી જ્યારે માગે ઘરાણું, ત્યાં

ભજન

૧૧

આ કરવું આ ન કરવું એમ, અન્યને શિક્ષા દે છે,
તે પ્રમાણે તું નથી કરતો, અનુચિત કર્મ કરે છે—જુઓ.

ભારત ભાગવત કે રામાયણ, રૂડી રીતે વંચાય,
ત્યાં જઈ સાંભળતાં ઉંઘ આવે, ડોલમ ડોલા થાય—જુઓ.
લોક તણી મસ્કરી કરવા, આગળ પડે છે આપ,
ગાંડ તળે જો રેલો આવે, ઉઠી તરતતું જાય—જુઓ.

જે ગુજરાત વિશેજ હતી હા, લક્ષ્મીની લીલા લહેર,
ત્યાં ભટકે ભીખારી ટોળાં, અહીં તહીં ઘેરા ઘેર—જુઓ.

લેખક તો તકડીયાં મારી. જોઈ નજરે ને કહે છે,
હિંદ દયાના બળતા પેટે, દેખે એવું કહે છે—જુઓ.



માતૃ પ્રેમ.

રાગ ગઝલ.

કીધા ઉપકાર તેં લાખો કરોડો તેં મુને માતા...
ઉદરમાં માસ નવ મુંજને વિંધાર્યો તેં મને માતા,
ઘણાં દુઃખો ઘણાં કષ્ટો ખરે વેઠયાજ તેં માતા.
કર્યું રક્ષણ પ્રીતેથી સહીને દુઃખ તેં માતા...
હતું હું નાનકું બાળક કર્યું પોષણ તેં મ્હારૂં...
રડું જો હું કદી માતા દીએ પયપાન તું પ્યારૂં,
સુવાડી પારણે મુજને કરે ઘર કામ સૌ તારાં.
રડું હું ઉંઘમાંથી કે ઝડપ તું આવતી માતા.
સમી સાંજે મને માતા સુતી તું સોડમાં લઇને,
ઉઠું હું રાતમાં ઝબકી ઉઠે તું ઉંઘ ત્યાગીને...
કરી [illegible] તેં મારૂં કરાવ્યું પાન તેં તારૂં...
જીગરથી પાળની માતા કરી જીવતર તુજ ખારૂં.
કદી જો ચુંક ઉંઘમાં હું તો પડું જો ગોદમાં મુતરી
સુવાડી બીજી બાજુએ વળી તું ત્યાં જઈ સુતી.
આવી રીતે મુને માતા કર્યા ઉપકાર તેં કોડો...
સરવ તેં સુખ ત્યાગીને ખરેરે પ્રેમને [illegible]
જોઇને વ્હાલ હું તારૂં ખરેરે શો[illegible]
દીવાનો હું બની માતા ખુણે ખોરૂં[illegible]

બધી દુનીઆ વાર્યો ખોળી નહિ પત્તો જરા લાગ્યો
હવે તો ખેર છે માતા મરણનો ભય મેં ત્યાગ્યો.
ડરીશ ના હું કદી કોથી નહિ પરવા જરા રાખું.
પ્રભુને હાથ જોડીને હવે તુજ સાથને માંગુ...
નહિ જો હદ મમ સાંભળે દયા લાવી પ્રભુ મારી.
ભરૂં હું આગમાં પગલું કરી મમ જીંદગી ખારી,
નહિ તું જો તંહિ મલશે તને સૌ સ્વર્ગમાં ખોળુ.
ઉપાયો હુંક કોડ હું કરીને તને ખોળું તને ખોળું.
હવે તો બસ કરૂં લખવું વૃથા શું છે રહ્યું લખવું,
હૃદયમાં હામ બીડીને તને શોધું તનેં શોધું...
જોઉં છું જગતના વિશે પ્રભુનો આશરો સાચો...
કરી વંદન કહું તુજને પ્રભુ તમ હાથ મમ દેજો.
નહિ બુધ્ધિ જરા મારી હવે આગળ કહું ચાલે.
હશે જો પ્રેમ માતૃનો સ્વર્ગ આકાશમાં મળશે.

-:છપાય છે:-!-:છપાય છે:-!! છપાય છે!!!:-

અલૌકિક જાદુ સંગ્રહ.

(૧) એ નામની ચોપડી અમો થોડાંક વખતમાં બહાર પાડનાર છીએ. આ ચોપડીમાં એકંદરે ખાસ કરી ત્રીસ ખેલોનો ખુલાસા સાથે સમાવેશ કરેલો છે. આ ખેલો એવા તો અદ્ભુત અને આશ્ચર્યજનક છે કે અમારી ચોપડી જોયા પછી તમોને તે ખેલો શીખવાનું મન થયા વીના રહેશેજ નહી. કારણકે આજ સુધી જે નામાંકીત પ્રોફેસરો જેવા કે:— (૧) આલવારો ઝીમન, (૨) જી એમ. કાર્લેકર, (૩) દોલતરામ, (૪) પ્રો. નથ્થુ મંછાગંદ, (૫) ડી. વીલીઅર્સ અને એવા બીજા કેટલાક મહાન જાદુગરો તથા અમેરીકન ખેલાડીઓ આપણા દેશમાં આવી હાથચાલાકીના તથા જાદુના ખેલો કરી આપણને જે નવાઇ પમાડતા હતા તેનું તમામ રહસ્ય આ અમારી નાનકડી ચોપડીથી તમારા સમજવામાં આવશે. અને તેવા અદ્ભુત [illegible] રહસ્ય શું છે તે સર્વે વાંચકો આપો[illegible]

(૨) અમારી ચોપડીની કીંમત તા. ૩૦-૧-૨૭ થી તા. ૩૦-૩-૨૭ સુધી એટલે ત્રણ માસ માટે રૂ૦ ૦-૮-૦ રાખવામાં આવી છે. બાદ તે ચોપડીની કીમત રૂ૦ ૦-૧૨-૦ લેવામાં આવશે.

(૩) થયેલા ગ્રાહકોને ચોપડી તૈયાર થયેથી મોકલી આપવામાં આવશે તથા ચોપડી તૈયાર થયા પહેલાંના ગ્રાહકોનાં નામ તે ચોપડીમાં પ્રગટ કરવામાં આવશે.

(૪) એકજ માણસ પાંચ ચોપડી એક સામટી ખરીદ કરશે. તેવા ગ્રાહકોને પાંચ ઉપર એક ચોપડી ઇનામ તરીકે વધુ આપવામાં આવશે.

(૫) જે સાહેબોનાથી નામ નોંધાવવા જાતે ન આવી શકાય તેમ હશે તો તેવા સાહેબો કાર્ડથી પોતાનું નામ તથા ચોકસ સરનામું આપી ખુશીથી નામ નોંધાવી શકશે. પરંતુ કાગળથી નામ નોંધવનારે રૂ. ૦-૮-૦ની ટીકીટો કાગળ સાથે બીડવી પડશે અને ટીકીટ બીડેલી હશે તેઓનાં નામ ગ્રાહક તરીકે દાખલ કરવામાં આવશે.

(૬) નામ નોંધાવવાનું ઠેકાણું નીચે મુજબ રાખવામાં આવેલું છે.

લી૦ ગોરધનદાસ એચ. શાહ.

૧.

છપાય છે ! છપાય છે !! છપાય છે !!

અલૌકિક જાદુ સંગ્રહ.

નામચીન પ્રોફેસરોની ધારણા એવી હોય છે કે આપણા ધંધાની માહીતી અને જાહેર પ્રજાના જાણવામાં આવી જશે તો આપણા લોકોનો કોઇપણ ભાવ પુછશે નહિ. એવી અદેખાઇને લીધે તેઓ આવા પુસ્તકોનો લાભ આપણી જાહેર પ્રજાને આપી શકતા નથી. પરંતુ આ રંક સેવક મહાત્મા ગાંધીજીના ઉદ્દેશથી ચાલનારો હોવાથી હૃદયમાં કોઇ પણ રીતનો ભિન-ભેદ રાખ્યા સિવાય આ બુક જાહેર પ્રજાની સમક્ષ રજુ કરવા હિંમત ધરે છે. જેથી મને આશા છે કે ભારત નરરત્નો મારા ઉંડા સાહસને નજીવો ટેકો આ પોતાની ઉદારતા દર્શાવ્યા વિના રહેશેજ નહિ એવી સંપુર્ણ ખાત્રી છે. અને જેથી કરી મારૂં આ નજ પુસ્તક પણ હું થોડા વખતમાં આપ સાહેબે સેવામાં હાજર કરીશ એવી હું આશા રાખું

—ઃગ્રાહક માટે લખો નીચેને સરનામેઃ—

લી૦ ભારત નરરત્નો કૃપાકાંક્ષી સેવકઃ—

માસ્તર ગોરધનલાલ એચ. શા.